તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૮ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૪૦ | ૧૧ નવેમ્બર, ૨૦૧૬, શુક્રવાર ; કારતક સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
2
ાટનગરનું પ


# નોટ પર રોકનો નિર્ણય અફર છે : જેટલી

**ડરવાની જરૂર નથી, ફરીવાર ૧૦૦૦ની નોટ જારી કરાશે : રૂપિયા ૫૦૦ તેમજ ૧૦૦૦ની નોટ બદલવા માટે બિનજરૂરી રીતે ઉતાવળ કરીને હેરાન થવાની જરૂર નથી : ગોલ્ડનું વેચાણ કરનારને પણ પ્રશ્ન કરાશે**



નવી દિલ્હી, તા.૧૦

કેન્દ્રિય નાણામંત્રી અરૂણ જેટલીએ રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવાના નિર્ણયને થોડાક દિવસ સુધી ટાળી દેવાની સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ અને અન્યોની માંગણીને સ્પષ્ટ પણે ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે આવી કોઈપણ માંગને સ્વીકારવામાં આવશે નહીં. બ્લેક મની સામે ચાલી રહેલી ઝુંબેશને વધુ કઠોર બનાવવામાં આવશે. જેટલીએ વિરોધ પક્ષોના તમામ આક્ષેપોનો ફગાવી દીધા હતા. જેટલીએ આજે કહ્યું હતું કે આ સરકાર અગાઉની સરકારથી બોધપાઠ લઈને મજબૂત પગલાં લઈ રહી છે. અમારે ત્યાં સુધી મહત્વપૂર્ણ ચીજ તમામની સહમતી અને બંધારણીય માળખાના આધાર ઉપર કામ કરવાની રહી છે. નોટ ઉપર પ્રતિબંધના મુદ્દે વાત કરતા જેટલીએ કહ્યું હતું કે ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની જૂની નોટને બદલી નાખવાના મામલામાં લોકોને બિનજરૂરી ઉતાવળ કરવી જોઈએ નહીં. પરેશાન થવાની પણ જરૂર નથી. જેટલીએ આજે બે દિવસીય પરિષદને સંબોધતા પત્રકારોના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. જેટલીએ સામાન્ય લોકોને ચિંતામુક્ત

● અનુસંધાન પાન-૫ પર

## વિધવા સહાયમાં વધારો કરાશે

અમદાવાદ, તા.૧૦

નિરાધાર વિધવાઓના પુનઃસ્થાપન તથા સમાજમાં ઉન્નત મસ્તકે જીવી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા આર્થિક સહાય આપવામાં આવે છે, તેમાં વધારો કરાયો છે. ૧લી નવેમ્બર ૨૦૧૬થી આ સહાય રૂપિયા ૧૦૦૦ કરવામાં આવી છે તેમ મહિલા અને બાળ વિકાસ વિભાગની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર નિરાધાર વિધવાઓ માટેની આર્થિક સહાયની આ યોજનામાં ૭૫૦ અને બે બાળકોની મર્યાદા દીઠ રૂપિયા ૧૦૦ની સહાય ચુકવવામાં આવતી હતી પરંતુ ઘણી વિધવા મહિલાઓ એકલવાયુ જીવન જીવતી હોય છે.

## દેશના મોટા શહેરોમાં ઈન્કમટેક્ષના વ્યાપક દરોડા

**મોટા કારોબારીઓ અને બજારોમાં દરોડાની કાર્યવાહી જ્વેલર્સ, હવાલા ઓપરેટરો સકંજામાં : ૪૦ ટકા ડિસ્કાઉન્ટની સાથે જ્વેલર્સ અને હવાલા ઓપરેટર જૂની નોટને લેવાનો કારોબાર કરી રહ્યા હતા**

નવી દિલ્હી, તા.૧૦


ઈન્કમટેક્સ વિભાગની જુદી જુદી ટીમોએ આજે દેશભરમાં વ્યાપક દરોડા અને સર્ચ કામગીરી હાથ ધરી હતી. ભારત સરકારે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટને અમાન્ય જાહેર કરવામાં આવ્યા બાદ આવકવેરા વિભાગે ચોક્કસ બાતમી બાદ દિલ્હી, મુંબઈ, ભારતમાં અન્ય મોટા શહેરો પર મોટા કારોબારીઓ અને બજારોમાં દરોડા પાડ્યા હતા. જેથી ભારે ખળભળાટ મચી ગયો હતો. આજે સાંજે ઈન્કમટેક્સ વિભાગે એવા અહેવાલ બાદ કાર્યવાહી કરી રહી જેમાં જણાવવામાં આવ્યું હતું કે જ્વેલર્સ અને હવાલા ઓપરેટર ૪૦ ટકા સુધી ડિસ્કાઉન્ટની સાથે જૂની નોટ લેવાનો કારોબાર કરી રહ્યા છે. આવકવેરા વિભાગે દિલ્હીના દરીબાકલા, કારોલબાગ જેવા વિસ્તારમાં ઉપરાંત ચંદીગઢ, લુધિયાણા, જલંધર, મુંબઈ સહિતના શહેરોમાં કાર્યવાહી હાથ ધરી હતી. બુલિયન કારોબારીઓ અને જ્વેલર્સ પ્રતિબંધિત નોટ ડિસ્કાઉન્ટ ઉપર લઈ રહ્યા છે અને બિનહિસાબી રોકડ રકમને હિસાબી રોકડ રકમમાં ફેરવી રહ્યા છે તેવા અહેવાલ બાદ આ ખળભળાટ મચી ગયો હતો. મુંબઈમાં બે મોટા હવાલા ઓપરેટરોને ટાર્ગેટ બનાવીને દરોડા પાડવામાં આવ્યા હતા. ડિસ્કાઉન્ટ ઉપરના પ્રતિબંધિત નોટ લેવાના કારોબારમાં આ બંને સામેલ હતા.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેટેક્સમાં ટોપના સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે આ પ્રતિબંધિત નોટ ક્યાં શીફ્ટ કરવામાં આવી રહ્યા હતા તે અંગે માહિતી મળી શકી નથી. સીબીડીટીના સૂત્રોએ કહ્યું છે કે બિનહિસાબી

● અનુસંધાન પાન-૫ પર

# પાણી-વીજબિલ ચૂકવવા જૂની નોટ ચાલશે

**૧૧મી નવેમ્બરની અડધી રાત સુધી ફી, ચાર્જ, ટેક્સ, દંડની રકમની ચૂકવણી જૂના નોટથી કરી શકાશે : હોસ્પિટલ, અંતિમ સંસ્કાર સ્થળો પર પણ રાહતો**



નવી દિલ્હી, તા.૧૦

કાળા નાણા ઉપર બ્રેક મુકવાના હેતુસર રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકી દેવાના નિર્ણય બાદ કેન્દ્ર સરકારે સામાન્ય લોકોને તકલીફ ન પડે તે માટે કેટલાક નિર્ણયો કર્યા છે. એકબાજુ ૧૧મી નવેમ્બર સુધી ટોલ ટેક્સ ફ્રી કર્યા છે. બીજી બાજુ આજે વધુ એક મહત્વનો નિર્ણય કર્યો હતો જેના ભાગરૂપે કેન્દ્ર સરકારે કહ્યું છે કે જૂની ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટનો ઉપયોગ ૧૧મી નવેમ્બરની રાત્રી સુધી કેન્દ્ર અને રાજ્ય સરકારને ફીની ચૂકવણી, દંડ અને યુટીલીટી, ટેક્સની ચૂકવણી માટે કરી શકાશે. મહારાષ્ટ્રમાં આ મુજબની માંગણી હાલમાં ઉઠી રહી હતી. જેના લીધે કેન્દ્ર સરકારે આ નિર્ણય કર્યો છે. આર્થિક બાબતોના સેક્રેટરી શક્તિકાંત દાસે આજે કહ્યું હતું કે જૂની ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ કેન્દ્ર અને રાજ્ય સરકારને દંડની

● અનુસંધાન પાન-૫ પર

# બેંકમાં આઈડી પ્રુફ આપતી વેળા સાવધાની જરૂરી

**આઈડી પ્રુફના ખોટા ઉપયોગની પણ આશંકા છે : બેંક આઈડીની ફોટોકોપી માંગે છે ત્યારે તેના પર તારીખ અને જમા રકમ લખી દેવામાં આવે તે જરૂરી : રિપોર્ટ**

નવી દિલ્હી,તા. ૧૦

૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ દેશભરમાં ઉથલ પાથલનો દોર જારી રહ્યો છે ત્યારે નોટ બદલવાને લઈને બેંકોની બહાર લોકોની લાંબી લાઈનો જોવા મળી રહી છે. નોટ બદલવા માટે હવે આઈડી પ્રૂફ આપવાની પ્રક્રિયા ચાલી રહી છે. આઈડી પ્રૂફ બેંકોમાં જમા કરાવવાને લઈને કેટલાક નિષ્ણાતોએ ચોંકાવનારી વાત કરી છે. બેંકો દ્વારા લોકોમાં આઈડી પ્રૂફના ખોટા ઉપયોગની આશંકા પણ વ્યક્ત કરી છે. આવી સ્થિતિમાં લોકોને કઈ સાવધાની રાખવી જોઈએ તેને લઈને ઘણી બધી બાબતો જાણી જવાની જરૂર છે. બેંક જો પારસ્પરીક પોતાની આઈડીના ફોટો કોપી માંગે છે તો તે ફોટો કોપી પર તારીખ અને જમા કરવાની તારીખ લખી દેવામાં આવે તે જરૂરી છે. આનાથી આઈડીના ખોટા ઉપયોગની શક્યતા દુર થઈ જશે. અત્રે નોંધનીય છે કે દેશમાં કાળા નાણાં ઉપર બ્રેક મુકવા માટે સરકારે ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની જૂની નોટ બંધ કરવાનો નિર્ણય કર્યો છે. આઠમી નવેમ્બરે રાત્રે ૧૨ વાગ્યાથી

● અનુસંધાન પાન-૫ પર

# દેશભરમાં નોટો બદલવા અફડાતફડી

**બેંકોમાં બે હજાર રૂપિયાની નોટ મળવાની શરૂઆત થઈ : હવે લોકોની સુવિધા માટે શનિવાર અને રવિવારના દિવસે પણ બેકો ખુલ્લી રાખવાનો નિર્ણય : સવારથી તમામ બેંકો પર નોટને બદલી દેવા માટે લાઈનો**







નવી દિલ્હી,તા. ૧૦

અમદાવાદ સહિત દેશના તમામ મોટા શહેરોમાં આજે સવારથી જ બેંકોની બહાર પોતાના જુના નોટને બદલી નાંખવા માટે આ લાઈન જોવા મળી હતી. બીજી બાજુ આજથી ૨૦૦૦ની નોટ મળવાની પણ શરૂઆત કરી દેવામાં આવી છે. બેંકોમાં આજથી ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પણ બદલી નાખવાની પ્રક્રિયા શરૂ થઈ હતી. બીજી બાજુ અફડાતફડી અને ભીડને ધ્યાનમાં લઈને તમામ બેંકોમાં પુરતી સંખ્યામાં પોલીસ સુરક્ષા વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી. એસબીઆઈની તમામ શાખા આજે સાંજે ૭ વાગ્યા સુધી ખુલ્લી રાખવાનો નિર્ણય પહેલાથી જ કરવામાં આવ્યો હતો. લોકોની મદદ માટે અલગ કાઉન્ટર રાખવામાં આવ્યા હતા. નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ આજે સવારે બેંક ખુલ્લી ગયા બાદ લોકોની ભારે ભીડ તમામ જગ્યાએ જોવા મળી હતી. લોકોની સુવિધા માટે શનિવાર અને રવિવારના દિવસે પણ બેંકોને ખુલ્લી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. મહેસુલી સચિવે જાહેરાત કરી છે કે જ્વેલરી ખરીદવા માટે પાન નંબર આપવાની જરૂર પડશે. તમામ જ્વેલરોને કેટલીક ખાસ સુચના આપવામાં આવી છે. આમાં કોઈ બાંધછોડ કરવામાં આવશે નહી. સવારમાં અમદાવાદમા નોટને બદલી નાંખવા

● અનુસંધાન પાન-૫ પર

# દેશમાં બિનજાહેર આર્થિક કટોકટી લદાઈ છે : માયાવતી

**કોંગ્રેસે હંમેશા જ ભ્રષ્ટાચારની લડાઈ લડી છે : બ્લેકમની સામે સરકારની હિલચાલની સામે કેજરીવાલે પ્રશ્નો કર્યા**

નવી દિલ્હી, તા. ૧૦

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકવાના નિર્ણયનો કોંગ્રેસના નેતૃત્વમાં વિરોધ પક્ષોએ જોરદાર વિરોધ કર્યો છે. સાથે સાથે આ નિર્ણયને થોડાક દિવસ સુધી ટાળી દેવા માટે અપીલ કરી છે. અલબત્ત ભાજપ સરકારે આ માંગણીને ફગાવી દીધી છે. કોંગ્રેસના નેતાઓ તથા અન્ય રાજકીય પક્ષોના નેતાઓએ આની સામે પ્રશ્નો ઉઠાવ્યા છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ બ્લેકમની સામે સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી હિલચાલ સામે પ્રશ્નો ઉઠાવ્યા છે. જોકે જેટલીએ દિલ્હીના મુખ્યમંત્રીની દલીલોને ફગાવી દીધી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામનબી આઝાદે કહ્યું છે કે કોંગ્રેસ પાર્ટીએ હંમેશા ભ્રષ્ટાચાર સામે લડત ચલાવી છે પરંતુ આ નિર્ણય જે રીતે લેવામાં આવ્યો છે તેને લઈને અમે સમજી શકતા નથી. મોટી સંખ્યામાં લોકોને અસર થઈ રહી છે.

ગુલામનબીએ કહ્યું હતું કે કોઈપણ રાજકીય પક્ષને કાળા નાણાનો અંત લાવવાની હિલચાલને લઈને વાંધો નથી પરંતુ આ નિર્ણય ખૂબજ ઉતાવળમાં અને વહેલીતકે લેવાયો છે. બીજી બાજુ મદ્રાસ હાઈકોર્ટે આ નિર્ણયની પ્રશંસા કરી છે અને કેન્દ્ર દ્વારા જારી કરવામાં

● અનુસંધાન પાન-૫ પર


નૂતન વર્ષનો સ્વર્ણિમ ઉજાસ આપના સૌના જીવનને સતત અજવાળતો રહે તેવી મનોકામના સહ

નૂતન વર્ષાભિનંદન...

Harendrasinh Jadav
Chairman & M. D.
9898704537

HOTEL President
Where Hospitality Speaks...

Raj Shakti
Hotels Pvt. Ltd.

Plot No-1, Sector-11, B/h. Petrol Pump,
Gandhinagar-382010
Telefax. 079-23233444. 079-65723444
Email : Presidenthti@yahoo.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

સ્ટોક માર્કેટ ઓફિસ સ્ટાફ
ગાંધીનગર-ચાંદખેડા-કલોલ-દહેગામ
ટર્મીનલ ઓપરેટર- ૫
બેંક ઓફીસ સ્ટાફ- ૭
કોમ્પ્યુટર ઓપરેટર- ૧૦
8000/- to 15000 + પેટ્રોલ + ઈન્સેટીવ
bestboi123@gmail.com
WhatsApp: 9974703401

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
D'DECOR | DC TEX | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI,
SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONICS ESTATE,
G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651